


# શ્રી સરસ્વતી પૂજનમ્

દીપાવલી, ૭ નવેમ્બરની પાવન સંધ્યાએ સંતભગવંત સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિમાં શ્રી સરસ્વતી પૂજનવિધિનું અનુપમ આયોજન થયું. પૂજનવિધિના પ્રારંભે પૂજા કરાવનાર સર્વે આચાર્યગણનાં પૂજન કરી, ખેસ અર્પણ કરી સત્કાર કરાયા. પૂજનવિધિના પ્રધાન આચાર્યો પૂ. શાંતિદાદા અને ડૉ. મનોજભાઈ સોનીનાં માર્ગદર્શને, સંતોના નેતૃત્વે સુંદર પૂજાવિધિનું સંચાલન ચેતનભાઈ વ્યાસે કર્યું. દિવાળીની શીતળ સાંજે બ્રહ્મજ્યોતિનું પાવન પરિસર અને સંતોના સાંનિધ્યના પાવન તરંગો વાતાવરણને અનુપમ દિવ્યતા આપી રહ્યા હતા, જે સૌના હૃદયે આનંદ પ્રગટાવતા હતા !

પૂજનવિધિ પ્રારંભે સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ આપ્યા કે, "વર્ષના અંતિમ દિવસે આવનારું આખું વર્ષ મંગલમય, આનંદમય, ભક્તિમય અને સમર્પણમય બની રહે તેવા સંકલ્પ કરીએ છીએ. સાહેબજી કહે છે તેમ જીવન સુસંવાદિતાભર્યું થવું જોઈએ. અંધકારની લકીર પણ નહીં, કેવળ જ્ઞાનનો પ્રકાશ રહે તેવું જીવન સૌને પ્રાપ્ત થાય તે પ્રાર્થના કરીએ છીએ. વાણીનો વિવેક, સમર્પણનો ભાવ, ગુણગ્રાહક દૃષ્ટિ, જ્ઞાનનો પ્રકાશ પ્રસરાવતાં આ દીપાવલીનાં પર્વો છે. ગુરુ સાથે અતૂટ નાતો દૃઢ કરી પ્રભુના ચોપડે આત્યંતિક કલ્યાણની ભાવનાને અંકિત કરવાનો આ દિવસ છે. ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તીએ, સંપ, સુહૃદભાવ, એકતા રાખીએ, પ્રભુને કર્તા-હર્તા માની સૌમાં પ્રભુનાં દર્શન કરીએ તો જીવનરૂપી વહી આનંદથી ભરાઈ જાય. આવું જીવન જીવવાનું સૌને બળ મળે અને સૌના હૈયે માહાત્મ્યયુક્ત ભક્તિનો દીપક પ્રગટે તેવી પ્રાર્થના છે. આપણા હૃદયનો ઉજાસ એ આપણા ગુરુ છે તે ભાવના સુદૃઢ થાય તેવી યાચના છે." સંતભગવંત સાહેબજીએ આ પ્રસંગે આલેખિત કરેલ દિવ્ય સંકલ્પનાં પઠન ડૉ. મનોજભાઈએ કર્યાં.





શ્રી સરસ્વતી પૂજનવિધિના આચાર્યોને અધિકાર અર્પણ




શ્રી ઠાકોરજીને ધરાવેલ શ્રી વહીઓનાં પૂજન... આરતી અર્પણ





॥ સ્વામિશ્રીજી ॥

શ્રી સરસ્વતી - શારદાપૂજન

દિવાળી મંગલ પર્વ - ૨૦૭૪

આજે વિક્રમ સંવત - ૨૦૭૪નો છેલ્લો દિવસ, છેલ્લી સંધ્યા... આવા ગોરજ ટાણે શ્રી ઠાકોરજીના સાંનિધ્યે, સંતો-એકાંતિક ભક્તો-મુક્તોની હાજરીમાં આપણા સત્સંગના સૌ ભક્તો ભેળા મળી શરૂ થતા નવા વર્ષ વિક્રમ સંવત ૨૦૭૫ કહેતાં ૨૦૧૮-૨૦૧૯ના વર્ષના હિસાબી ચોપડાનું પૂજન-અર્ચના અનુપમ સૂરવૃંદના સંતો-ભક્તોનાં માર્ગદર્શન પ્રમાણે કરી દિવાળી મહાપર્વની ઉજવણીનો આનંદ લઈ રહ્યા છે ત્યારે તે પૂજનવિધિમાં થઈ રહેલ મહાપૂજામાં સૌએ પ્રભુના સાંનિધ્યે કરેલ સંકલ્પ...

**હે શ્રી સ્વામિનારાયણ ભગવાન ! હે શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી ! હે ભગતજી મહારાજ ! હે શ્રી જાગા સ્વામી મહારાજ !**

**હે શ્રી કૃષ્ણજી અદાશ્રી ! હે શ્રી શાસ્ત્રીજી મહારાજશ્રી ! હે શ્રી ગુરુદેવ યોગીજી મહારાજશ્રી ! હે શ્રી કાકાજી મહારાજશ્રી !**

**હે શ્રી પપ્પાજી મહારાજશ્રી ! હે શ્રી પ્રમુખ સ્વામી મહારાજશ્રી ! હે શ્રી મહંત સ્વામી મહારાજશ્રી ! હે શ્રી હરિપ્રસાદ સ્વામી મહારાજશ્રી !**

**હે શ્રી અક્ષરવિહારી મહારાજશ્રી ! હે શ્રી ગુરુજી મુકુંદજીવનદાસ મહારાજશ્રી ! હે શ્રી પ્રભુનાં પ્રગટ-પ્રત્યક્ષ સંતસ્વરૂપો ! હે શ્રી સૌ અક્ષર મુક્તો...**

આજે દિવાળીના મહામંગલકારી પર્વે ગોરજ ટાણે આવતીકાલથી શરૂ થતા સંવત - ૨૦૭૫ના અમારા હિસાબી ચોપડાનું વેદોક્ત વિધિથી આપના સાંનિધ્યે પૂજા-અર્ચનાઓ કરીએ ત્યારે હે પ્રભુ ! આપે આપેલ આજ્ઞા પ્રમાણે અમારા વેપાર-ઉદ્યોગ-ખેતી-સાથે પ્રૉફેશનમાં આખા વર્ષમાં થતી આવક-જાવકનો ચોખ્ખો હિસાબ રૂડા અક્ષરે લખીએ. અને વર્ષના અંતે તે પ્રાપ્ત થયેલ શ્રી લક્ષ્મીજીમાંથી પાંચ ટકા કે દશ ટકા ગુરુવચને આપના કાર્યમાં વાપરીએ, આપની પ્રસન્નતાનાં પાત્રો બની અમારા જીવનને ભક્તિમય બનાવી સર્વ રીતે સુખિયા સુખિયા બની રહીએ તેવી કૃપા વરસાવશો.

કુટુંબનાં સર્વ પાત્રો, અમારા વેપાર-ઉદ્યોગ-ખેતી કે પ્રોફેશનમાં સંકળાયેલા સર્વ માનવો સાથેનો વ્યવહાર પ્રેમપૂર્ણ બની રહે, તેઓના હૃદયમાં બિરાજમાન આપ પ્રભુ પરમ સંતુષ્ટ રહો તેવી લેવડ-દેવડ થાય... ઘરમાં, સત્સંગમાં, અમારા કાર્યક્ષેત્રમાં સંકળાયેલા સર્વ માનવોમાં અરસપરસ પ્રેમ, સંપ, સુહૃદભાવ, એકતા વધો, હળીમળીને કામ કરવાની ભાવના દઢ બની રહો - એ માટે રોજ ધૂન-ભજન-પ્રાર્થના-સ્વાધ્યાય દ્વારા આપની પ્રસન્નતાનું બળ લઈ આ જીવન જીવવાનો અમારો સંકલ્પ જીવનના વર્તનમાં આવે તેવી કૃપા વરસાવશો.

બની રહેલ નવા મંદિરમાં સેવામાં શું ન થાય ? તે ભાવથી સમર્પિત બની આપના કાર્યમાં સંતો સાથે સહભાગી બની અમારા જીવનને સંગીતમય બનાવીએ તે સંકલ્પને સાકાર કરશો તે પ્રાર્થનાઓ છે.

આપે અદ્‌ભુત માનવદેહ આપ્યો છે. સુંદર યોગ સંતોનો-ભક્તોનો આપ્યો છે તો આપે આપેલ આ દેહ અને એના દ્વારા મળેલ સર્વ ચીજ-વસ્તુ-પદાર્થ કે શ્રી લક્ષ્મીજીનો શ્રેષ્ઠ ઉપયોગ આપના આ કાર્યમાં કરીએ અને મળેલ માનવદેહે આપની પ્રસન્નતાનો પૂર્ણ આનંદ માણતા રહી જીવનને ધન્ય બનાવીએ તેવી આપ કૃપા વરસાવશો તે પ્રાર્થનાઓ છે.

આ કાર્યમાં જોડાયેલા સર્વ યજમાનો, દર્શનાર્થી ભક્તો, દેશ-પરદેશમાં આ કાર્યમાં સામેલ સર્વ ભક્તોને હે પ્રભુ ! તન-મન-ધન-આત્માથી સર્વ રીતે પરમ સુખિયા રાખશો અને અમારા હિસાબના આ ચાપડાઓમાં આપની પ્રસન્નતાનું, આપની ભક્તિનું અને શ્રી લક્ષ્મીજીનું જમા પાસું ખૂબ જ વધતું જ રહે તેવી વિશેષ કૃપા વરસાવશો એ પ્રાર્થના સાથે ધૂન કરીએ છીએ...

સ્વમિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! ◆

૭ નવેમ્બર, ૨૦૧૮,

પારમિતા, બ્રહ્મજ્યોતિ, મોગરી, આણંદ, ગુજરાત-ભારત



શ્રી ગણેશજી, શ્રી લક્ષ્મીજી અને શ્રી સરસ્વતીજીનાં પૂજન



સંતભગવંત સાહેબજીનાં રૂડા આશીર્દાન

શ્રી સરસ્વતી પૂજનવિધિમાં મોટી સંખ્યામાં યજમાનો બિરાજમાન થયા. શ્રી વહીઓની સુંદર ગોઠવણી શ્રી ઠાકોરજી સમક્ષ કરવામાં આવી. મંચની શોભા અદ્ભુત હતી. સંતોએ શ્રી ઠાકોરજીનાં આવાહન કરી પૂજાવિધિનો આરંભ કરાવ્યો. સૌ યજમાનોના ભાલે પૂજન કરી, કંકણબંધન કરી, કંઠે ખેસ અર્પણ કરી સંતોએ આશીર્વાદ અર્પ્યા. સૌ સ્વયંસેવક યુવાનોએ પૂ. સંદીપભાઈ, પૂ. નરેન્દ્રભાઈ, પૂ. પિનાકીનભાઈનાં માર્ગદર્શન હેઠળ પૂજાવિધિનાં સફળ સેવા સંચાલન કર્યાં.

કંકુ–અબીલ–ગુલાલ–પુષ્પ–ફળાદિક સામગ્રીથી શ્રી વહીઓનાં પૂજન થયાં. સંતોએ શ્રી વહીઓ ઉપર ધનવર્ષા કરી આશીર્વાદ આપ્યા અને પ્રત્યેક યજમાનો તેમજ ઉપસ્થિત અક્ષરમુક્તોના સ્થાને પધારી સૌને પ્રસાદીરૂપ લક્ષ્મી ભેટ આપી. શ્રી સરસ્વતી પૂજનની આરતી અર્પણ કરી સૌની સુખાકારી માટે મંગલ પ્રાર્થનાઓ સંતોએ શ્રી ઠાકોરજીના શ્રીચરણોમાં ધરી. સર્વે યજમાનોએ પણ પૂજાવિધિની દિવ્યતાનો અનુપમ આનંદ અને સંતોષ માણ્યો. મોટી સંખ્યામાં ઉપસ્થિત અક્ષરમુક્તોએ બ્રહ્મજ્યોતિની દિવ્યતાના દિવ્ય સ્પર્શને અનુભવ્યો.

આ પ્રસંગે પ.પૂ. અશ્વિનદાદા દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણનાં કલ્યાણકારી ‘વચનામૃત’ તથા ગુરુદેવ યોગીજીમહારાજનાં ‘યોગીગીતા’નાં અમૃત વચનોને સમજાવતાં અનુપમ મિશનનાં વેમાર તથા ખારઘર મંદિરોમાં થયેલ પારાયણનાં આશીર્વાદ પ્રવચનોની ઑડિયો સી.ડી. ‘શ્રી વચનામૃત મર્મસુધા’નું મુક્તાર્પણ સંતભગવંત સાહેબજીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં જણાવ્યું કે, “યોગીબાપા કહેતા કે, શૂરવીરતાથી સેવા–ભક્તિ કરવી. આ સમય અગત્યનો છે. સ્વાતિ નક્ષત્ર ચાલે છે, તેમાં પ્રભુભક્તિના સંકલ્પો થાય અને તે સાકાર કરવા સેવા થાય તો ભગવાનના ચોપડે લખાઈ જાય. આવતી કાલથી શરૂ થતું નવું વર્ષ સૌ માટે ભક્તિભર્યું બની રહે તે પ્રાર્થનાઓ ! બ્રહ્મજ્યોતિમાં નવું મંદિર થાય છે તેની સાથે દેહ પણ મંદિરરૂપ બની જાય – તે આપણા સૌનો સંકલ્પ પૂરો થાય, પૂર્ણ આનંદ સૌને પ્રાપ્ત થાય તેવી પ્રભુચરણે પ્રાર્થના ! આખું વર્ષ આપણે ભક્તિ, શક્તિ અને સમૃદ્ધિથી સંપન્ન બની ગુરુવચને પ્રભુની સેવા, પ્રભુની રીતે, કેવળ પ્રભુને રાજી કરવા કરી શકીએ તેવી પ્રાર્થનાઓ !” સભા બાદ યુવકો દ્વારા યોજિત આતશબાજી કાર્યક્રમનો સૌએ આનંદ માણ્યો.

